# ગાંધીનગર જિલ્લામાં આધાર લીંકની કામગીરી માત્ર ૪ ટકા

**ગાંધીનગર(ઉ) અને ગાંધીનગર(દ)માં બે ટકાથી પણ નીચે કામગીરી : આધાર લીંક અને નવા ૧૮ થી ૧૯ વર્ષના મતદારો નોંધવાની ધીમી કામગીરીને લઈ કલેક્ટરની તાકીદ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત ત્રીજો રવિવાર સઘન ઝુંબેશરૂપે યોજાશે. તંત્રએ આ વખતની ઝુંબેશમાં મતદાર જાગૃત્તિ સાથે ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથમાં વધુમાં વધુ નોંધણી તેમજ આધાર લીંક માટે વધુ ને વધુ અરજીઓ મળે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવાની વ્યુહરચના અપનાવી છે.

ત્રીજા રવિવારની ખાસ ઝુંબેશને લઈ ગઈકાલે જિલ્લા કલેક્ટરે તમામ ચૂંટણી અધિકારીઓ સાથે સાંજે ગુગલ મીટ યોજી અને સમીક્ષા કરી હતી.

જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથમાં પ્રોજેક્ટ વસ્તીની સામે ઓછા મતદારો હોવાથી તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કયા કયા બુથોમાં ઓછા ફોર્મ મળ્યા છે ત્યાં અધિકારીઓ દ્વારા સઘન મોનીટરીંગ કરવામાં આવે તે માટે ખાસ ભાર મુક્યો હતો.

જિલ્લા કલેક્ટરે આ ગુગલ મીટ દરમ્યાન ચૂંટણીની ચાલી રહેલી તૈયારીઓ અંગેની પણ સમીક્ષા કરી હતી અને આ તૈયારીઓમાં ગતિ લાવવામાં આવે તેવા સંકેતો આપ્યા હતા. ખાસ કરીને બુથો પર સુવિધાઓને લઈ ચૂંટણી અધિકારીઓ બુથોની ચકાસણી ઝડપથી સંપન્ન કરે તે જોવા જણાવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આધાર લીંક કરવાની કામગીરી માત્ર ૪ ટકા થઈ હોવાથી કલેક્ટરે નારાજગી વ્યક્ત કરી હતી. ગાંધીનગર(દ) અને ગાંધીનગર(ઉ) વિધાનસભામાં આધાર લીંકની કામગીરી બે ટકાથી પણ ઓછી થઈ છે.

કલોલ અને માણસામાં આધાર લીંકની કામગીરી ૬ ટકાથી વધુ તો દહેગામમાં ૫ ટકાથી ઉપર કામગીરી થઈ છે. જિલ્લામાં ૫૩ હજાર જેટલા મતદારોએ આધાર લીંક કરવાની અરજીઓ આજ સુધીમાં તંત્રને આપી છે.

બીજી તરફ મતદારોની જાગૃત્તિ માટે તંત્રએ અત્યારથી જ તેને આક્રમક રીતે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. શહેર અને જિલ્લામાં ગણેશોત્સવની ઉજવણી માટે કરાયેલા પેન્ડોલ પર બેનરો લગાવવા ઉપરાંત વિડીયો ફિલ્મ પણ દર્શાવવામાં આવી રહી છે. કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતે એક ઈ.વી.એમ. નિદર્શન માટે પણ મુકવામાં આવ્યુ છે.



અવસર છે લોકશાહીનો... - ચૂંટણી પંચ દ્વારા આરંભાયેલ મતદાર જાગૃતિ અભિયાન સંદર્ભે રાજ્યભરમાં યુવા મતદારોને મતદાર યાદીમાં નામ સામેલ કરવા અપીલ કરાઈ છે... રાજ્યમાં અનેક જિલ્લા - તાલુકા મથકો પર લોકશાહીના અવસરને અભિવ્યક્ત કરવા રાજ્યની અનેક સેલિબ્રિટી દ્વારા કાર્યક્રમોનું આયોજન થાય છે... શનિવારે અમદાવાદ ખાતે યોજાયેલ આવા જ એક કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓનો ઉત્સાહ વર્તાતો હતો...

# મનરેગાની નબળી કામગીરી અંગે ધ્યાન આપવા વિભાગે કલેક્ટરને પત્ર લખ્યો



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં મનરેગાની નબળી કામગીરીને લઈ ગ્રામ્ય વિકાસ વિભાગે જિલ્લા કલેક્ટરને પત્ર લખી આ માટે ધ્યાન આપવા જણાવ્યુ છે.

ગ્રામ વિકાસ કમિશનર અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીએ લખેલા એક પત્રમાં જણાવાયુ છે કે જિલ્લામાં મનરેગાની કામગીરીમાં શ્રમિકોની સક્રિયતા ઓછી દેખાય છે. એટલુ જ નહિ નવા મસ્ટરો શરૂ કરવામાં પણ ઉદાસીનતા બતાવવામાં આવી રહી છે.

ગ્રામ વિકાસની મનરેગા યોજનાના અમલીકરણ માટે ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને ચેરમેનને વારંવાર મૌખિક તેમજ સમીક્ષાઓની બેઠક દરમ્યાન આપવામાં આવેલી સૂચનાઓનું અમલીકરણ પણ નિરાશાજનક જોવા મળ્યુ છે.

કેન્દ્ર પુરસ્કૃત આ યોજના થકી જે કામગીરી થવી જોઈએ તે થતી નથી. મનરેગા યોજના એ કાયદો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સ્વાઈન ફ્લુના ૩ કેસ

**સે. ૧૨માં બે કેસ અને સરગાસણમાં ૧૦ વર્ષનું બાળક સ્વાઈન ફ્લુની ઝપેટમાં**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૫૭ થઈ છે.

શહેરમાં જે રીતે સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં સતત કેસો વધી રહ્યા છે અને હોસ્પિટલાઈઝેશન પણ વધ્યુ છે. સ્વાઈન ફ્લુના કેસોમાં બાળકો અને મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા ઘેરી બની છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને ત્રણેય દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આજે નોંધાયેલા ત્રણ કેસમાં એક બાળક, એક મહિલા અને એક યુવાનનો સમાવેશ થાય છે. શહેરમાં જે કેસો નોંધાયા છે તે છુટા છવાયા નોંધાયા છે તેથી પણ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ લોકોને સતર્ક રહેવા તેમજ આ અંગે સાચવેચી રાખવા પણ અપીલ કરી છે.

શહેરમાં આજે બે કેસ સે. ૧૨માંથી મળ્યા છે. ૫૦ વર્ષની મહિલા અને ૨૩ વર્ષના યુવાનનો રિપોર્ટ આ સેક્ટરમાંથી પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત સરગાસણમાંથી ૧૦ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં સ્વાઈન ફ્લુમાં પાંચ જેટલા બાળકો અત્યાર સુધીમાં ઝપેટમાં આવ્યા છે. શહેરમાં સ્વાઈન ફ્લુના આજે નોંધાયેલા ૩ કેસ સાથે જિલ્લામાં ૭૨ કેસ નોંધાયા છે. જેમાં ૫૭ કેસ શહેરમાં અને ૧૫ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ આજે નોંધાયો નથી.

# શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણ સતત ઘટી રહ્યુ છે

**જિલ્લામાં નવા ૫ કેસ નોંધાયા : ગ્રામ્યમાં બે કેસ : શહેરના ઈન્ફોસીટીમાં બે કેસ તેમજ સે. ૭માં એક કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત ઘટાડા તરફ ગતિ કરી રહ્યુ છે. જો કે છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા ઓછી થઈ નથી. તંત્રના સૂત્રો આડકતરી રીતે પોઝીટીવીટી રેટ સતત ઘટી રહ્યાનો સ્વીકાર કરી રહ્યા છે. શહેર-જિલ્લામાં કોરોનાના આજે પાંચ કેસ નોંધાયા છે. શહેરમાં નવા ૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં આજે ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ દર્દી અને શહેરમાં ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના માત્ર બે કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગાંધીનગર અને માણસામાં એક-એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટ સ્પોટ બનેલ અડાલજમાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકામાં બાપુપુરા ગામે એક ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાં નોંધાયેલ મહિલા દર્દી સરકારી કર્મચારી હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલ દર્દીઓ સાથે જિલ્લામાં એક્ટીવ દર્દીઓની સંખ્યા ૨૦ જેટલી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૪૫ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૩ કેસ નોધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ કેસમાં એક દર્દી કલકત્તાથી પરત ફર્યાનું તંત્રની તપાસમાં જાણવા મળેલ છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે.

આજે બે કેસ ઈન્ફોસીટી વિસ્તારમાં અને એક કેસ સે. ૭માં નોંધાયેલ છે. આજે નોંધાયેલ ૩એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેર જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

# અર્બન કો.ઓ. બેંકના ચેરમેનપદે ચંદુભાઈ પટેલની વરણી



ગાંધીનગર, તા. ૩

પાટનગરના સેક્ટર-૨૧ ખાતે કાર્યરત ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લી.ના નવા પદાધિકારીઓની ચૂંટણી કરવા માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની એક સભા બેંકની વડી કચેરી, સેક્ટર-૨૧ ખાતે બેંકના ચેરમેન કાલીદાસ વી. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી.

બેંકના પેટા નિયમો મુજબ બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી કરવામાં આવી. બેંકના ચેરમેન તરીકે અગ્રણી વેપારી અને રીદ્રોલ ગામના વતની ચંદુભાઈ હરીભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે વાવોલના વતની એવા અગ્રણી વેપારી અને ઉદ્યોગપતિ અશોકુમાર ચતુરભાઈ પટેલ(શ્રોફ) બીન હરીફ ચૂંટાઈ આવ્યા છે.

સભાના અધ્યક્ષ કાલીદાસ વી. પટેલે નવા ચૂંટાયેલા હોદ્દેદારોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. કાલીદાસ વી. પટેલ છેલ્લા પાંચ વર્ષથી બેંકના ચેરમેન તરીકે સેવાઓ આપી તે દરમ્યાન સહકાર આપવા બદલ આ પ્રસંગે તેઓએ બેંકના તમામ ડિરેક્ટર્સ અને કર્મચારીગણનો આભાર વ્યક્ત કર્યો. નિવૃત્ત થતાં વાઈસ ચેરમેન પ્રકાશભાઈ પટેલે પણ બેંકને પાંચ વર્ષ સુધી હોદ્દા પર સેવા કરવાની તક આપવા બદલ તમામ ડિરેક્ટર્સ અને કર્મચારીગણનો આભાર વ્યક્ત કર્યો.

# જિલ્લામાં ૧ લાખથી વધુ પશુઓને લમ્પી રોગ સામેની રસી અપાઈ

**માણસાના અંબોડ ગામમાં અઠવાડિયા અગાઉ શંકાસ્પદ લમ્પીના ચિહ્નો ઘરાવતા પશુઓનું આરોગ્ય તંદુરસ્ત : અંબોડ ગામમાં ૨૩૦થી પશુઓનું રસીકરણ કરાયું**

ગાંધીનગર: શનિવાર:

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અંબોડ ગામમાં ૨૪ પશુઓને અઠવાડિયા અગાઉ લમ્પીના શંકાસ્પદ ચિહ્નો જોવા મળ્યા હતા. હાલમાં તમામ પશુઓ સ્વસ્થ અને તંદુરસ્ત છે. ગાંધીનગર જિલ્લામાં તા.૩૧મી ઓગસ્ટની સુધીમાં ૧ લાખ કરતાં વધુ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે, તેવું ગાંધીનગર જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.એ.પટેલે જણાવ્યું છે.



ગાંધીનગર જિલ્લા પશુપાલન અધિકારીશ્રીએ જણાવ્યું છે કે,અંબોડ ગામમાં ૨૪ પશુઓમાં અઠવાડિયા અગાઉ લમ્પીના શંકાસ્પદ ચિહ્નો દેખાયા હતા. જેથી તા. ૧૭, ૧૮, ૨૦ અને ૨૨ ઓગસ્ટના રોજ અંબોડ ગામના કુલ- ૨૩૦ પશુઓ અને આનંદપુરા અંબોડ ખાતે ૩૦૦ પશુઓ મળી કુલ- ૫૩૦ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

પશુપાલન અધિકારીશ્રીએ ઉમેર્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં લમ્પી રોગ વિરોધી રસીકરણની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તા. ૩૧મી ઓગસ્ટ સુધીમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ૧૪,૩૭૫, દેહગામ તાલુકામાં ૧૧,૮૭૦, માણસા તાલુકામાં ૪૯,૫૯૦ અને ગાંધીનગર તાલુકામાં ૩૧, ૩૯૨ પશુઓને રસી આપવામાં આવી છે. આ રસીકરણ અભિયાનમાં પશુપાલન ખાતા દ્વારા ૫૭,૭૫૨ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

# શહેરમાં સભા-સરઘસ, રેલી કાઢવા પર પ્રતિબંધ

**તા. ૦૩ થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના સુધી ચાર કરતાં વધુ વ્યક્તિઓ એક સાથે કોઇપણ જગ્યાએ ભેગા થઇ શકશે નહિ**

ગાંધીનગર

ગાંધીનગર શહેરી વિસ્તારમાં કોઇ વ્યક્તિઓ મંડળ બનાવી સરઘસ-રેલી કાઢવા પર તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી જાહેરનામું બહાર પાડી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા મનાઈ ફરમાવવામાં આવી છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી આર.ડી.સિંહે જણાવ્યું છે કે, ગાંધીનગર ગુજરાતનું પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરી, ઉભોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ.કવાર્ટસ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે.

ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા તથા આવેદનપત્ર આપવા સારું પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી, સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતા જતા હોય છે. ઘ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોય છે. કાયદો- વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર તરીકે મળેલ સત્તાની રૂએ તા. ૦૩ થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓ એક સાથે કોઈપણ જગ્યાએ ભેગા થઈ શકશે નહિ.






સેવા કેન્દ્રમાં આરતી : મહાનગર ભાજપ સંચાલિત ચ-૩ પાસેના પદયાત્રી સેવા કેન્દ્ર ખાતે શનિવારે સાંજે મુખ્યમંત્રીએ મા-આદ્યશક્તિની આરતી કરી હતી... દર વર્ષની જેમ ભાજપ દ્વારા ચ-૩ સર્કલ પાસે પદયાત્રીઓ માટે સેવા કેન્દ્ર આરંભાયું છે... શનિવારે સાંજે મુખ્યમંત્રીએ સેવા કેન્દ્રની મુલાકાત લઈ માતાજીની આરતી ઉતારી હતી. આ પ્રસંગે મેયર હિતેશ મકવાણા, અને મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ સહિત પદાધિકારીઓ આરતીમાં જોડાયા હતા...

# દહેગામમાં જમીન વિવાદમાં બે પરિવારો વચ્ચે લાકડીઓ ઊછળી

**હિંસક અથડામણમાં બે લોકોને ઈજા પહોંચી હતી. આખરે આ મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો**

દહેગામ , તા.૩

ચાર ફૂટ જમીનના ટૂકડા માટે બે પરિવારો વચ્ચે ખૂની ખેલ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. છેલ્લાં બે વર્ષથી ચાલી રહેલા જમીનના વિવાદે મોટુ રુપ લીધુ હતુ. આ વિવાદમાં બે દેવીપૂજક પરિવારો સામ સામે આવી ગયા હતા. જે બાદ ભરબજારમાં બંને પરિવારો વચ્ચે લાકડીઓથી ખૂની ખેલી ખેલાયો હતો. આ હિંસક અથડામણમાં બે લોકોને ઈજા પહોંચી હતી. આખરે આ મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. જ્યાં બંને પરિવાર દ્વારા સામ સામે ફરિયાદ કરવામાં આવી હતી. જે બાદ પોલીસે પણ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, દહેગામની ભગાજીની ચાલીમાં રહેતા મહેશ ગેમા દેવીપૂજક છૂટક મજૂરી કરે છે. ચાર ફૂટ જમીનના ટૂકડા માટે બે પરિવારો વચ્ચે છેલ્લાં બે વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે. ગઈ ૨૨ ઓગસ્ટના રોજ મહેશ પોતાના ઘરે હાજર હતો. એ સમયે તેમના સગા કાકાનો દીકરો અક્ષય ચુંદ ત્યાં આવ્યો હતો. જમીનના વિવાદમાં તેણે મહેશના પરિવારને જેમ તેમ શબ્દો કહ્યા હતા. એ પછી બંને લોકો ભરબજારમાં સામ સામે મળી ગયા હતા. ત્યારે અક્ષયે મહેશને લાકડીઓ અને કડાથી માર માર્યો હતો. જે બાદ મહેશને અક્ષયની સાથે આવેલા ચંદુ ધુળા અને રોહિત નામના શખસે પણ માર માર્યો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com